ઐયાંમે નૌશાલો—હીંગાંમે નૌરોઝ.

યાને

અશલી ઇરાંની જરથોસ્તીઓમાં અને હાલનાં હીંદુસ્થાંની
જરથોસ્તીઓમાં નવાં વરશનો હીંગાંમ કેમ પાલવામાં
આવે છે તેનુ વૃતાંત.

સને ૧૨૬૫ યજદેજરદીનાં

ઝોરાશટરીઅન કાલેંડર માટે

લખનાર

શોરાબજી મનચેરજી દેશાઇ—નવશારીવાલા.

મુંબઇ ધોબીતલાવપર.

વરતમાન છાપાખાનામાં છાપ્યું.

કીંમત—દોઢ આનો.

યજદેજરદી સને ૧૨૬૫.
અંગરેજી સને ૧૮૯૬.

ઐયાંમે નૌસાલો—હીંગાંમે નૌરોઝ.

(લખનાર—શેઠ મઠ દેશાઇ નવસારીવાલા.)

"Awake, awake, and gird up thy strength
To join that holy band at length.
To him who unceasing love displays,
Whom the powers of nature unceasingly praise,
To Him thy heart and thy hours be given;
For a life of prayer is the life of heaven."

HENRY WARE.

આગલા ઇરાની જરથોસ્તીઓની, નોરોઝનો હીંગામ પસાર કરવાની રૂઢી, અને આજના હિંદુસ્તાની જરથોસ્તીઓની નોશાલનો ઐયાંમ ગુજર કરવાની રીતિ, પેહેલી અને છેલી નજરે બહુજ વાંધાભરેલી થઇ પડી છે. આગલા જરથોસ્તીઓ નોરોઝના હિંગાંમની શરૂઆત થવા પેહેલાં ઉદ્દયોગી અને ભક્તિભાવી બની પોતાના કામકાજથી ફારેગ થઇ પોતાના ઘરબાર, રાચરચીલા, વાસણકુસણ સર્વ સાફસુફ કરી, પોતાના અંગને પાક બનાવી, છેવટે નોરોઝનો હિંગાંમ શરૂ થતાંજ પોતાના અંતઃકરણ સાફ કરી એકદિલીથી પોતાના પેદાના કરનાર ખાવીંદની પરસ્તેશ કરવામાં ગુજારતાં હતાં, અને મોજમજાને નિવારી દઈ આખા વર્ષમાં પોતાથી જાણતાં કે અંજાણતાં થયલા ગુન્હાઓની તોબેશ કરતાં, તથા નહિ ફુરસદ મળે એવા પોતાના ધંધારોજગારની ધમાલને લીધે દાદગર દાદારની બંદગી કરવાની જેઓ લાઇલાજ ભુલી ગયલાં, તે સર્વ નોરોઝના દહાડા ઉપર, પુરતી ઉલટ, સંપુર્ણ ઉત્સાહ, જોશભરી લાગણી, અને માનભરી માંગણીમાં મશગુલ રેહેતાં હતાં; તથા જે નેઆંગાંનોને અને જે અશોફરોહરોને તેઓ ફરમાબરદાર રહી પુજ્ય માનતાં, તેઓને બાઇજત આબરૂથી, પોતાના મકાંનો તેમના પવિત્ર કદમના આવાગમનથી પાવન કરવાને સારૂ ઇજન કરી, તેઓ ખુશી થઇ ભલી દુઆઓ દે, એવાં પાક ભણતણો કરી ઈજિવામાં ગોયા મસ્ત બની જતાં; તથા ઇજદ, અમશાસ્પંદો અને ફરેસ્તાઓની આરાધનામાં ચકચુર બની જઇ ખુશખુશાલ રહેતાં હતાં, તે આજે કયાં ગયું? અરે આપણે આજે અભાગ્યાઓએ એ સર્વ કયાં ગુમાવી દીધું! બારેમાસ દિવાલ્યા ખરચો કરી એપીક્યુર્યસની માફક ગાંનતાંનમાં ગુલતાંન બની જવાથી, તથા ધર્મને, ખુદાને, ઇજદોને, ફરેસ્તાઓને, અમશાસ્પંદોને, અને અશોફરોહરોને, સર્વેને વેચીસાટી પરવારી જવાથી, આજે નોરોઝનો હિંગાંમ તો કંઇ જુદીજ તરાહનું કામ થઇ લાગું છે—નોશાલનો ઐયાંમ તો રંગરાગને નાટક ચેતકનું ધામ થઇ પડયું છે—અને આ અશોફરોહરોના અશો અને પાક દાહાડાઓ એશઆરામી અને છેતરપીંડીના ઝગડાઓ થઇ પડયા છે. પટેટીના દિવસને જવાંશનાશો **પટેટી** કેહવાની ભલે ના પાડે, પણ એક ખોદાશનાશી નજરે જોતાં, આપણો પટેટીનો દિવસ, તેજ નોરોઝનો દિવસ પણ છે, અને તેજ પટેટીનો પણ દિવસ છે. ખરેખરો પટેટ કરવાનો તો તેજ દિવસ છે, કેમકે હમસપથમેદેમ ઘાંબારનો તથા વર્ષનો જે છેલ્લો દિવસ વહિસ્તોઇસ્ત ગાથાનો છે, તે દિવસની હુશેનગેહ પુરી થતાં સુધીમાં થયલાં પાપોનો પસ્તાવો આપણે ફરવરદીન મહિનાના હોરમજદની હાવનગેહમાં કરી, ગયાં સાલની છેલામાં છેલી પલ સુધીમાં થયલા ગુન્હાઓનું પ્રાયશ્ચિત આપણે નવાં વર્ષની પેહેલામાં પેહેલી ગેહમાંજ કરી શકયે. યાનેકે બીજા બોલોમાં આપણો આજનો જે પટેટીનો

દીવસ છે તેજ રોજે આપણે પટેટ કરી પસ્તાવો કરવો સાદી સમજે દુરસ્ત લાગે છે; આખાં વર્ષનો સરકારી હિશાબ પણ નવાં વર્ષની ૧ લી તારીખેજ થઇ શકે છે; ટુંકમાં આપણા બાપદાદાઓ જેને પટેટીનો દીવસ કેહતા આવ્યા છે, તે વાંધા ભરેલું ગણી શકાશે નહીં. એ દીવસેજ નવું શાલ પણ શરૂ થાય છે, તેથી તેનેજ નોરોઝનો દીવસ કેહવો એપણ વાંધા ભરેલું ગણી શકાશે નહીં. ત્યારે એ દિવસ, ભણીગણી ગુજસ્તે શાલમાં થયલાં પાપોનો પસ્તાવો કરીને બેસતાં શાલમાં સુખ મળે, અને મનની મોરાદ પૂરી પડે, તથા ગુજસ્તે શાલમાં આરંભેલાં ભલાં કામો નવાં શાલમાં પાર પડે એવી બંદગી કરવાને બદલે ભણીગણીને શુંજ પાર પડયા હોય તથા બંદગીને ભક્તિ કરતાં જાંણે કે શુંજ થાકી ગયા હોય, તેમ ગાડી ઘોડે વાડી બંગલે જઇ મોજ શોકમાં, એશ આરાંમમાં, અને બીજા પાપી કામોમાં ગુજારવો, એ કેવું નાવાજેબ કામ કેહવાય! અલબત્ત, આખાં વર્ષની થાક ઉતારવા, તથા ભક્તિભાવ અને ભણતણ બંદગીમાંથી ફારેગ થવા બાદ ખુશ ખુશાલીમાં દિવસ ગુજારવાનો પણ એક દિવસ અમરદાદ શાલનો ઠરાવામાં આવ્યો છે, પણ હવે તો તે દિવસની આગમચથીજ પટેટીને દહાડે પટેટ કરવાને બદલે પટેટા ઉછાંળવામાં અને રંગરસ ઉડાવામાં ગુમાવામાં આવે છે. નોરોજનો રોજ કેવી રીતે પસાર કરવો લાજમ છે, તે જાણવા સારૂ આપણે જુદી જુદી પ્રજાઓના રેવાજો પ્રથમ જાણવાની જરૂર છે.

નવાં વરસનો દહાડો પવિતર તેહેવાર લેખે પાળવાનું ઘણા જુના વખતનું છે. હિબરૂ પ્રજાની હૈયાતીની ઘણા વરસ આગમચ, ધર્મ સંબંધી સાતમો અને લોક વ્યવહારી પેહેલો મહિનો જે **તીસરી** કેહવાય છે. તે મોઝીઝના વખતથી નવાં સાલનો ગણાતો હતો, અને તે નોરોઝનો આખો દિવસ ખોદાઇ ભણતણોમાં ગુજારવામાં આવતો હતો, તે વીશે મોઝીઝના કાયદામાં નિચે પ્રમાણે ફરમાન આવેલું છે:—

"And in the seventh month, on the first day of the month, ye shall have an holy convocation; ye shall do not servile work: it is a day of blowing the trumpets unto you."

ભાવાર્થ એવો છે કે, નોરોઝને દહાડે પવિત્ર જશનની મીજલશો કરવી જોઇએ; નોકરી ચાકરીની ગુલામગીરીમાંથી એ દહાડે ફારેગ રેહેવું જોઇએ; અને આગળ ચાલતાં વળી કહે છે કે, આતશ ઉપર ખુદા ખુશી થાય એવી ખુશબોદાર ચીજો બાળી સ્વચ્છતા રાખવી જોઇએ. આ નવાં વરસનું જશન જેને યાહુદીઓ Feast of Trumpets કહે છે તે વખતે પેલેસ્ટાઇનના દરેક ભાગો તરફના લોકો જેરૂસલમ ખાતે ભેગાં મળી બળીદાંનો આપે છે, ભકિતભાવ કરે છે, એકદિલી અને એખલાસથી મળભેટ કરે છે. અને સહવારથી સાંજ સુધી રૂપેરી રણશીંગા ફુંકે છે. ધર્મગુરૂઓ શાસ્ત્ર મધેના ફકરાઓ લોકોને વાંચી સંભલાવે છે, અને આખું વરસ પવિત્રાઇથી રહી પાપથી દુર રેહેવા ઉપદેશો કરે છે. અને કોઇપણ નવો વેપાર, નવો સાહાસ, નવું કામ એ રોજે આરંભવાનું એજ દહાડે પસંદ કરવામાં આવે છે. આપણા થોડાજ પારસીઓ એ પ્રમાણે મોહબત માયાથી મળતા હશે. થોડાજ આવી નકળ કરવા જોગ રીતિઓ પાળતા હશે. બલકે આગલા ઇરાનીઓ, ગુજસ્તા વરસની દુશમનાઇ અભરાઇ ઉપર નાંખી હમાજોર અને બગલગીરી કરી બધું ભુલી જતા હતા. આગલા ઇરાનીઓ નવાં સાલને દહાડે મોટી મોટી ફતેહા મેળવતા, દાનધર્મ અને સખાવત કરતા, માહોમાહેના કુસંપનું કાસર કાઢતા હતા, આતશકદેહો, આદરાંનો અને આતશબેહેરામો સ્થાપવાનું આરંભતા હતા, અને ધર્મના મકાનોની ઇજત જાલવી જુદદીનોમાં માનની લાગણી ઉશકેરતા હતા.

હાલના યાહુદીઓમાં **તીસરી** મહિનાનો ૧ લો અને ૨ જો દહાડો, વગર જરૂરતી

જેહમતોમાંથી કેવળ અલગ રેહવાને માટે, અને ખોદાઇ ભકિતમાં સર્વની સાથે સામેલ રહી અરજ ગુજારી કરવાને માટે પાળવામાં આવે છે. તેઓમાં એવો ખ્યાલ છે, કે આ પૃથિવિ એજ દહાડે પેદા કરવામાં આવી હતી. આપણ જરથોસ્તીઓ પણ એમજ માન્યે છે, કે એજ દિવસ સુધીમાં દુન્યાની તમામ પેદાએશો પેદા કરીને પાક પેદા કરનાર પરમેશ્વર પરવારીયા હતા. વળી હિબરૂઓ એમ પણ માને છે, કે એજ દિવસે આદમ જાતનો ઇનસાફ કરવા સારૂ અને જડજમેંટ આપવા સારૂ ખોદાતાલા બેસે છે. નવા વરસને દહાડે પેગંબર તરફના ઉપદેશો લીધા પછી આખો વખત યાહુદી લોકોમાં રણશીંગુ ફુંકાયા કરે છે, અને તેનું કારણ એવું જણાવામાં આવે છે કે, ખોદાતાલાની આગલ, આદમીઓ ઉપર ખોટાં તોહોમતો મુકનાર સેતાન તેના અવાજથી ગુચવાડામાં પડે. વલી નવા વરસને દહાડે તેઓ પાપનો પસ્તાવો કરી ક્ષણભંગુર જીંદગી વિશે નિચે મુજબ આચરણ કરે છે :—તેઓ કોઇ નદિ અથવા દરિયાને કીનારે જાય છે, અને પાણી ઉપર પોતાના જભ્ભા પખોડે છે. તેનું કારણ કેટલાકો એવું જણાવે છે કે પેગમબરનું ફરમાન છે કે :—" Thou wilt cast all their sins into the depths of the sea." યાને કે આખા વરસમાં તેઓથી થયલાં તમામ પાપો, તું ખુદા ! દરિયાના હેઠાંણમાં નવા વરસને દહાડે નાખી દેશે. આ ઉપરથી પણ ખુલ્લું જણાય છે કે, આપણો નવા વરસનો દહાડો પણ યાહુદીઓ માફક પટેટીનોજ કેહવાવો જોઇએ, અને તેજ દિવસે પાપોનો પસ્તાવો કરવા પટેટ કરવી લાજમ છે, અને તેથી જેને આપણે પટેટી કેહતા આવ્યા છઇએ તેને પટેટી તેમજ નવા વરસનો દહાડો એમ બેઉ સંગ્ના લાગુ પડે છે. વલી કેટલાકો યાહુદીઓની દરિયા કિનારાની નવા વરસની ક્રિયાને માટે કહે છે કે, જે પ્રમાણે દરિયા મધેની માછલીઓ બોલબોલતાં જાલની અંદર સપડાઈ જઇ પોતાની ક્ષણભંગુર હેયાતી ખતમ કરે છે, તેમ આપણ આદમીઓ પાપની જાળમાં જીકડાઇ જઇ આપણી જીંદગી આંખના પલકારામાં ગુમાવનાર છીએ, તેનો ભાસ થવા સારૂ આ ક્રિયા કરવામાં આવે છે.

હિદુઓ પોતાના શ્રાધના દિવસો, જે.આપણા મુકતાદના દિવસોને મળતાજ છે, અને તે આપણા એ તેહેવારોની સાથેજ હાલમાં આવે છે, તે દિવસો ઉપર ગુજર પામેલા આત્માઓ આ પૃથિવમાં આવવાનું તે લોકો માને છે. આપણ જરથોસ્તીઓ પણ એજ મત સ્વિકારી ફરવરદીન યસ્તમાં ભણયે છીએ કે,

અવસ્તા—"ઇઆઓ વીસાદ આઉઐઅેન્તી હમસ્પથમેદેમ પઐતી રતુમ આઅદ અયર વીચરેયંતે દસ પઐરી ક્ષપનો."

અર્થ—તે અશો નેઆગાનોના ફરોહરો હમસ્પથમેદેમ ધંબારના વખતે આપણા મકાનોમાં આવે છે, અને દસ દહાડા અને દસ રાત સુધી તેઓ ત્યાં ફરયા કરે છે.

રોમન લોકોનું વરસ મારચ માસમાં પડે છે, અને તે મહિનાનો પેહેલો રોજ નોરોઝનો ગણાય છે, એ દહાડે **અનશીલ્યા** નામનું પરવ પાળવામાં આવે છે. એ નવા વરસનો અરધો દિવસ ગંભીર પ્રકારની ધર્મ ક્રિયામાં ગુજારવામાં આવે છે. **સાલીઓ** કેહવાતા તેઓના ધર્મગુરૂઓ "પવિત્ર ઢાલ" ને નામે ઓલખાતું આલાત લઇને શેહેરમાંથી સરઘસના રૂપમાં લોકોની સાથે શેહેર બાહાર જાય છે, ત્યાં પાપનો પસ્તાવો કરી નવા વરસ માટે તંદરોસ્તી અને ફતેહફીરોઝી માટે ખોદાતાલાની બંદગી કરે છે, અને પછી બાકીનો દિવસ ખુશી ખુરમી અને ખાણીપીણીમાં ગુજારે છે. આપણો પટેટીનો મહિમાં પણ વડવાઓથી એજ ધોરણ ઉપર રચાયલો છે. રોમનો પણ નોરોઝને દિવસથી કોઇપણ સારાં કામની શરૂઆત કરે છે. માર્ચને બદલે જાન્યુઆરીની ૧ લી તારીખે પોતાનું નવું વરસ રોમન લોકોએ જયારથી શરૂ કીધું ત્યારથી તે દિવસેજ નોરોઝ ગણી તેહેવાર પાળવામાં આવે છે. **પ્લીની** જેવા વિદ્વાનના

કેહવા પ્રમાણે એ દહાડે રોમન લોકો એક બીજાની તંદરોસ્તી, આબાદી, અને સુખ ચાહીને અરસપરસ ભેટસોગાદ મોકલતા હતા. એ દિવસ જાહેર તેહેવાર ગણી કેમ્પસ માર્સ્યસ વાલાં કંપાઉન્ડમાં રમતગમતો થતી હતી, અને જુગાર ખેલવામાં આવતો હતો. પણ પાછળથી તે જુગારખાનાઓમાં પાદરીઓનો પગ પડયો, અને તેઓએ ધર્મની મનાઇના ઉપદેશો કરવા માંડયાથી લોકો કંટાળી ગયા, અને મારામારી થવા લાગાથી સેવટે નોરોઝને દહાડે જુગાર રમવાનું બંધ પડયું. જેવી જુગારી ટોલી રમવા બેસે, કે પાદરીઓના ઉપદેશો શરૂ થાય, અને લોકો કંટાલીને ઉઠી જવા લાગા, એમ એમ કરતાં તે રેવાજ નાબુદ થઇ ગયો. અને નવા વરસને દહાડે આસ્તિકો નાસ્તિકો સામે વેર લેવા લાગ્યા તથા રંડીબાજી અને વેહેમોને વખોડી કાઢવા મંડયા. એ પ્રમાણે ઓગસ્તેને જયારે દેવળમાં નોરોઝની મેહેફીલ કરી ત્યારે તેણે નિચે પ્રમાણે રાગડા કઢાવ્યા :—

"Shave us O Lord our God! and gather us from among the heathen!" (જુઓ Psalm CVI 47) એ પ્રમાણે બોધ દઇ નવા વરસને દહાડે સખાવત અને સત્યતા અખત્યાર કરવાના ઉપદેશો તેણે કર્યા છે. દરેક પ્રજા પોતાના નવા વરસના દિવસને દુન્યાની પેદાયશનોજ માને છે. હિંદુ લોકો વરસ પ્રતિપદાના નવા સાલના નવા રોજને પ્રજાપત્ય કહે છે તેનો પણ અર્થ ઇશ્વરે કરેલી ઉત્તપત્તિને લગતો છે; અને ગ્નાનબુધ્ધિના દેવતા ગણેશનો મવક્કળ દહાડો એજ ગણાય છે. એ દહાડો ખુશી ખુશાલી શાદી રામશની અને દીવા રોશનીના માંગલિક પરવનો લેખાય છે. એ દહાડે પ્રથમ તો બકરાનો અને હરણનો ભોગ અપાતો હતો, અને પાહાડી લોકોમાં તો લોકોના મેલાવડા વચ્ચે એક પૂરણે ભેંસનો ભોગ આપવાની ગંભીર ક્રિયા થતી હતી. એ દિવસે દોસ્તને ત્યાં ભેટ મોકલવી નારવા ગણાતી અને દુશમનોને ત્યાં પ્રિતથી મળવા જવું તથા દુશમનોના બાયડી છોકરાંને માટે ભેટ સોગાદ મોકલવાનો રવૈયો હતો! સુધરેલા કરતાં એ જંગલી જાતો પોતાના મુએલાંઓને નામ લઇને શ્રાધે છે, અને આખું વરસ તેમના ઉપર આફ્ત નહી આવે તે માટે તે મુએલાંની મદદ માગવા સારૂ અગ્નિની આસપાસ, ફેરા ફરી શોકાતુર બેસે છે, અને બ્રાહમણો આવી તેમની પ્રાર્થના કબુલ રહી છે, એવો સંધીયારો આપી શોક છોડાવે છે, ત્યારે તેઓ ઉઠીને નાચરંગ કરે છે. આપણ જરથોસ્તીઓની ૧૯ મી પરગદમાં આવીજ રીતે નહી પણ જુદી રીતે અશોફરોહરોને યાદ કરવામાં આવે છે :—

"નેજબેએમે ઉધરાઓ અશાઓનામ ફ્રવશ્યો વીસ્પાઓ દામાન સોઅંધહઇતીશ." યાનેકે :—ગાલેબ અશોફરોહરો જે કે તમામ ચીજોને લાભ કરે છે તેઓને હમો યાદ કરયે છીએ. ચીના લોકો નોરોઝ, સુલતાની નોરોઝ અથવા મેષ વિષુવ (Vernal equinox) અથવા વસંતરૂતી ઉપર યોજેલા છે. નોરોઝનો દિવસ તેઓ ઘણી ચિત્તભેદક તરેહથી પાળે છે. દરેક વર્ણના, ચીનનો શેહેનશાહ સુધ્ધાં, ઘણાજ છુટાપણા અને બિનઅંકોશથી એક બીજા સાથે મળભેટ કરે છે, અને ગુજરતે શાલમાં ઇશ્વરની જે જે રેહેમ અને કૃપાદ્રષ્ટિ થઇ હોય તે માટે સાથે મળી શુકરગુજારી અને ઇશ્વર પાડ માને છે; અને આવતું વરસ અનુકુળ તથા ખેતીવાડીમાં પુષકળ આબાદ થાય એવી બંદગી કરે છે.

જાપાનમાં પણ એજ પ્રમાણે નવા વરસને દહાડે મુલાકાત લેવામાં આવે છે, તથા ઉજાણી કરવામાં આવે છે. નોરોઝને દહાડેજ જાપાનીશોમાં આદરણી થાય છે. તથા કુવા ખોદવાનું પણ એજ દહાડે મુહુરત થાય છે. એ દિવસે કોઈપણ માણસનો ધીક્કાર કરવો ધર્મ વીરૂધ ગણાય છે. ચીનાઓ મેષ રાસીમાં સુરજ દાખલ થાય ત્યારે અને સેબ્યન લોકો એરીસરાસીમાં દાખલ થાય તેવારે નોરોઝ કરે છે. તેઓમાં કોઇપણ માણસ નોરોઝને દહાડે

જુઠું બોલવું, ચોરી કરવી, તથા જનાકારી કરવી એ મોટું પાપ સમજે છે. વેશ્યાઓ વટીક બારણા બંધ કરી બાહાર નીકલી જાય છે. ધંધાદારી, ચોર, લુટારાઓ તો અદાલતની નિચે આવી બેસે છે, અને વેપારીઓ પોતાની દુકાનો અરધી બંધ રાખી વેચાંણ વીકરી કરતાં હાથ ખેંચે છે. આગલા ઇરાનીઓમાં નવા વરસનો દહાડો કેદીઓને છોડી દેવામાં આવતા હતા, અને ગમે એવા ગુન્હેગારને માફી બક્ષવી, એ ઘણુંજ ઉત્તમ સવાબનું કામ ગણાતું હતું, અને નોરોઝને દહાડે આરોપીને ક્ષમા કરવાથી આખું વરસ ખોદાતાલા આપણા અજાણતાં થતાં મહા પાપોની માફી બક્ષે છે, એમ માનવામાં આવતું. ટુંકમાં ઇરાનીઓના નવા વરસનો દહાડો, યાહુદીઓના સેબેટીકલ વરસ ને આબાદ મલતો આવતો છે. એક ઘણી વિચિત્ર રસમ આગલા વખતમાં ચાલુ હતી તે નોંધવાજોગ છે. આરબો અને ઇરાનીઓમાં "દાઢી વગરની નદિ" ને નામે એક રમતગમત ચાલતી હતી; એક કદરૂપા માણસની દાઢી મુછ વગેરે તમામ બોડાવી નાખી તેનો ચેહેરો હસવા સરખી રીતે ચીત્રી, ઘણોજ હાસ્યરસ ઉત્પન્ન કરે એવી ઢપથી ગધેડાં ઉપર બેસાડી મોહોલે મોહોલે સરઘસ સાથે ફેરવે છે, અને લોકો તેમાં આનંદથી ભાગ લેવાનું સવાબ ગણે છે. એ ઢોંગ કરવામાં, તે ઘરેઘર ઉભો રહી પૈસા ઉઘરાવે છે. એનેજ મલતી ક્રીરીયા, હજુ પણ સ્કોટલંડના ઘણા ભાગોમાં નોરોઝને દહાડે કરવામાં આવે છે, અને તેને Guizarding ના નામે ઓલખે છે. એ પ્રમાણે કરવાનું કારણ એવું સમજાવામાં આવે છે કે, નવા સાલને દહાડે જરૂર દરેક માણસે હસવું જોઇએ. અને ગમે એવો બરીએલ અથવા શોકમાં ગીરફતાર થયલો પણ આ ઢોંગસોંગ જોઈ એકવાર હસવાનું પસંદ કરે છે. નવા વરસને દહાડે જો કોઇ મરણ નીપજે તો ગમે એવું અકાળ મરણ છતાં, રડવાનું કોઇપણ પસંદ કરતાં નથી, અને ગંભીર રહે છે; અને તેથી મરનાર સ્વરગમાં જાય છે એમ માનવામાં આવે છે.

દ્રુઇદ લોકો પોતાના નવા વરસને દહાડે (તા૦ ૧૦ મી માર્ચ) આકાશવેલ નામના ઝાડ ઉપર ઉગતા વેલા (mistletoe) નેં કાપવાની વિચિત્ર પણ પ્રખ્યાત ક્રિયા કરે છે. જે ઓક નામના ઝાડ હેઠળ આ વેલા ઉગે છે તેની નિચે મેજબાની કરી ભોગો આપવામાં આવે છે. અને તદન સફેદ બે ગોધા (આપણ જરથોસ્તીઓમાં જેને વરશીઓ કહે છે તે) ને શીંગડાંમાંથી બાંધવામાં આવે છે, અને પછી "નવા વરસના પોશાક" ને નામે ઓલખાતો તમામ સુફેદ પોશાક પેહેરીને એક દ્રુઇદ ઝાડ ઉપર ચઢી શોનાના દાતંરડાં વડે પેલો વેલો કાપે છે અને સેગમ નામના પોતાના ઝભ્ભામાં તે વેલો એકઠો કરે છે. પછી ભોગ આપવામાં આવે છે, અને પોતાની રેહેમ નજર પ્રજા ઉપર ઉતારવા સારૂ ઇશ્વર પ્રાથના કરવામાં આવે છે, અને પેલો વેલો જે માણસો તેમજ જનાવરોને આબાદી આપનારો તથા દરેક જાતના ઝેરો ઉપર અક્ષીર ગણાય છે, તે વેંહેંચવામાં આવે છે. તે લેવા ઉપર લુટાલુટ પડે છે. હિંદમાં હિંદુ લોકોમાં દશેરાના નવા વરસને દહાડે શોનૈયાંના પાંદડાં મેલવવાને જે લુટાલુટ પડે છે, અને તે પાંદડાં કાપવાની જે પ્રમાણે ક્રીરીયા થાય છે તેજ પ્રમાણેની આ એક મલતી ક્રીરીયા છે. દ્રુઇદ લોકો નોરોઝને દહાડે લુગડાં લતાથી વાસણ કુસણ સઉ નવું વાપરે છે. તેઓ નવા વરસને દહાડે મુએલાંઓની તવારીખો બચ્ચાંઓને સંભલાવે છે. અને બાપદાદાની જુની ચીજોને તે દહાડે ખુલ્લી મુકી લોકોને દેખાડવે છે. જેમ જેની પાસે જુના વખતની ચીજ તેમ તેના ઘરમાં લોકોના ટોળાં દરશણ કરવા વીશેશ આવે છે.

હુમબોલ્ટના કહેવા મુજબ નવાં વરસને દહાડે મેક્ષીકન લોકો પોતાના ઘરોને તથા દેવળોને બહુજ ઠાઠમાઠથી સંગારે છે; અને આખો દહાડો ધર્મ સંબંધી ક્રીયાઓ કરવામાંજ મશગુલ રહે છે. તેઓમાં આ નવાં વરસને દહાડે એક ઘણીજ કમકમાટ ઉપજાવનારી ક્રીયા

કરવામાં આવતી હતી. ૫રએ ચયલા એક પુરૂષનો ભોગ દેવતાઓને આપવામાં આવતો હતો. તેના બદન ઉપરથી જીવતાં જીવત ચાંમડી ઉખેડીજાઢી, પવીત્ર દેવળના શિખર ઉપર લઇ જવામાં આવતી હતી, અને હજારો લોકો જુએ તેમ એક પાદરી આવી તેનું કાલજુ કાપી નાંખતો, અને પછી એક ચેહ ખડકી તેના ઉપર તેને બાળી ભસ્મ કરવામાં આવતો ! આ એક ધડો લોકોને એટલાજ માટે આપવામાં આવતો હતો કે, આત્માનો ઉદ્ધાર થાય એવી રીતે નેકીના કામો નહીં કરતાં, પોતાના રૂવાંનના છુટકારાની દરકાર કર્યાવગર માત્ર ખાકી તનનેજ સંભાળી આવા મસ્ત, માતેલા, અને લાલચોલ બની તાતેલા ફાટેલા આદમીને છેવટે એવીજ સજા થાય છે, માટે આખાં વરસમાં તનના કરતાં આત્માને શુદ્ધ રાખવાની દરેક આદમીને શિખામણ આપવામાં આવતી હતી ! પણ આવી શીખામણ તો ખચિત્તજ ભારી પડે એવી છે ! ન્યુ ગ્રેનેડાના રહીશોને મ્યુઇસકસ કહેવામાં આવે છે, તે લોકોમાં પણ એજ પ્રમાણેની ક્રીયા નોરોઝને દહાડે થાય છે. તેઓ પોતાના દેવળોમાં પાપનો પસ્તાવો કરવા એ દીને ભેગા મળે છે, અને ભક્તિ કરનારાઓને પાદરીઓ મક્કાઇ ભુટ્ટાના આંટાની બનાવેલી આકૃતિઓ આપે છે, તે સર્વ ભકતો એવા વિશ્વાશ અને યકીનથી ખાઇ જાય છે કે, ભય અને આફતમાંથી, તે આદમી આખું વર્ષ બચી જશે. અને તે નવાં વરસના નવા મહિનાને "The month of the ears of maize," યાનેકે મક્કાઇ ભુટ્ટાના કણસલાંનો મહિનો કરીને કહે છે.

એ ઉપરથી જણાય છે, કે નવરોઝને દહાડે છેક પાછલા જમાનાઓથી દરેકે દરેક પ્રજા કાંઇને કાંઇ ક્રીયા કરતી આવેલી છે; અને જોકે તે દહાડો ખુશી ખુશાલીથી પાલવામાં આવતો હતો, તોપણ ધર્મસંબંધી ક્રિયા તેઓમાં જરૂરજ આમેજ હતી. પાપનો પસ્તાવો જરૂરજ જાએજ હતો. નવાં વરસમાં સુખ મલવાની પ્રાર્થના જરૂરજ મિશ્ર હતી. કાંઇનેકાંઇ ધડા રૂપી આચાર વિચારો જરૂરજ જોડાયલા હતા. અશો નેઆંગાંનોની યાદની જરૂરજ પેવંદ લાગેલી હતી. જુઠું, ચોરી, જુગ્ટું, મારામારી, વગેરેનો ધિક્કાર કરવાનું જરૂરજ જોડાયલું હતું. તેજ મુજબ આપણા અવસ્તામાં દરેક પ્રકારના અશોફરોહરોની આરાધના કરવાનું મોટપ કહેલું છે. ગાથાના આફ્રંગાંનની ખશનુમન ભણતાં આપણે બોલ્યે છે કેઃ—

"અષઓનામ ફ્રવષિનામ ઉગ્રનામ અઇવિથૂરનામ,
પોઇર્યોતકએષનાંમ ફ્રવષિનામ, નબાનઝદીશ્ત ફ્રવષિનામ,
ક્ષ્નોથ્ર ઇસ્નાઇચ, વહમાઇચ, ક્ષ્નોથ્રાઇચ ફ્રસસતૈએચ,
યથા અહુ વઇર્યો ઝઓતા ફ્રામે મ્રુતે."

અર્થઃ—" અશો લોકોના જોરાવર અને ગાલેબ ફરોહરોની, પોઇર્યોદકેશોના ફરોહરોની, નબાનઝદીસ્તોનાં ફરોહરોની આરાધના કરવાને તથા તેઓની ખુબી ગાવાને તેઓને ખુશાલ કરવાને, તેઓની વખાણ કરવાને, જોતી ! તું મારી આગલ યથા અહુવૈર્યોની ખુબી જાહેર કર." આ દહાડા ઉપર અશો રૂવાંનોને આરાધી, એકસંપ રાખી, નેક માર્ગે ચાલી, ટોલાની મોટાઇ વધારવી જોઈએ છે.

આ પ્રમાણે નોરોઝ અને નોશાલનો હીંગાંમ, તેજ ફરોહરોની યાદ કરવાનો ઐયાંમ છે. એજ વખત ઇશ્વરની ખરેખરી પ્રાર્થના કરવાનો છે. કામ ધંધો પણ એ પંજેકેહ, અને પંજેમેહ મલી ૧૦ દહાડા સૂધી બંધ રાખવાં, અને બસ બંદગી, બંદગી, અને બંદગી કરી પોતાની જીંદગીને શરમીંદગીમાંથી બચાવવાની છે. આજકાલ તેજ હિંગાંમ ઉપર જે જે નાપસંદ પગલાં ભરવામાં આવે છે તે તરફ તમામ પારશી ફીરકાએ ધિક્કારની નજરથી જોવું જોઇએ છે.

કલકત્તા, પટના, બનારસ, વગેરે સ્થળના લોકો ગંગામૈયાં યાને ગંગામાતામાં નવા વરસને

દહાડે નાહવાથી એમ માને છે, કે આખા વરસમાં થયલા પાપો તેથી કરીને ધોવાઇ જાય છે: અને કોઇ પણ હિંદુ તે તરફ મરી ગએ હોય તેના મુરદાની ભરી રાખેલી રાખોડી, એ દહાડે તેમાં હોમાવે છે.

આખું વરસ દુકાળ કે રેલ ન આવે એવા હેતુથી નવા વરસને દહાડે કંધ લોકોમાં કમકમાટ ઉપજાવનારી એક ક્રિયા કરવામાં આવતી, જેને **નરમેધ**ના નામે ઓળખે છે. તેઓ પોતાના ગોત્રદેવો, કુળદેવો, અને બીજા અપદેવોને એ દહાડે સંતોખતા. બ્રાહ્મણ અને કંધ એ બે જાત શિવાયના કોઇ જંગલી માણસને તેઓ ખરીદી લાવતા, અને તેની પાસે ઘરેઘરથી ભીક્ષા મંગાવામાં આવતી. પછી તેને વાઢી નાખતા, અને તેના કાન ઉપર પડી કેહતા કે, "હવે હમે પાપ કરીશું નહીં, નીતિમાન રહીશું, આખું વર્ષ ગ્રાતિદેવોને પુંજશું, અને ઇશ્વરભક્તિ ભુલીશું નહીં, માટે આખા વર્ષમાં કાંઇપણ આસમાની સુલતાની આફ્ત નહીં આવે, એવી રીતે તું અસુરદેવોને સમજાવજે, હમે કિંમત આપી તુને વેચાતો લીધો છે, માટે હમારે માથે તારૂં પાપ નથી."

પ્યારા જરથોસ્તીઓ ! કંધ લોકોના જેવી ઘાતકી ક્રિયા કરવા કદિ કહીશું નહીં, પણ પાપની તેઓને જે દેહેશત છે, તથા નવા વરસને દહાડે આખા વરસમાં પાપો નહીં કરવાની તેઓ જે કબુલાતો આપે છે, તે ખચિત તમો સર્વએ કબુલ રાખવી જરૂરની છે. કેમકે—

"આરમૈતોયશ ગએથાઓ ફ્રાદો થ્વક્ષંઘહા અદઇશ વોહુ હેમ અઇબી મોએસ્ત મનંઘહા." (ઇજશ્ને; હા. ૪૬) યાને કે; "જેઓ સારા વિચારથી અને કોશેશથી દુન્યાંની આબાદાની કરનારા છે, તેઓ એ પ્રમાણે સારા વિચાર અને નેકીથી રેહેનારા છે. ઉપર જણાવેલા ભોગના માંસને તથા તેના લોહીને, કંધ લોકો પોતાના ખેતરાંઓમાં નાખવા સારૂં બોટીબોટી અને ટીપું ટીપું વેહેંચી લેતા હતા ! એટલો બધો તેઓને એતેકાદ હતો, અને આફ્તની બીહીક પાપને લીધે રેહેતી હતી. રૂગવેદ, જે ઓછામાં ઓછો ૫૦૦૦ વરસ ઉપર બનાવેલો હિંદુઓ, અને વધારેમાં વધારે ૩૩૦૦ વરસ ઉપર બનાવેલો યુરોપના ખગોલવેત્તાઓ માને છે, તે જમાનામાં રાજા બનાવાનું કામ પ્રજાનું હતું, અને જો એક રાજા વર્ષની અધવચે મરી ગયો હોય, તો ગાદી ખાલી રેહેતી, અને નવરોઝને દહાડેજ તેઓ રાજા નિમતા હતા. એ રાજાને તેઓ **વિસ્પતી** યાને કે વસનારાઓનો ઉપરી કરીને કેહતા હતા. આપણ જરથોસ્તીઓમાં તેને માટે **વિસપઇતિ** શબ્દ આવેલો છે. વળી વર્ષપ્રતિપદા યાને નૌરોઝના રોજે બ્રહ્માએ જગત સૃજેલું, તે વખતે તેવણના મોઢામાંથી **બ્રાહ્મણો**–હાથમાંથી **ક્ષત્રીઓ**–જાગમાંથી અથવા પેટમાંથી **વૈશ્યો**–અને પગની અંદરથી **શુદ્ર** નિકલેલા હોવાથી, પ્રજાપત્યના નવા વર્ષને દહાડે બ્રાહ્મણ બ્રાહ્મણોમાં વિદ્યાને લગતાં પુસ્તકો વગેરે એલમની ચીજોની ભેટ સોગાદ થતી; ક્ષત્રીઓમાં હથિઆરોની; વૈશ્યોમાં પૈસા નાણાંની; અને શુદરોમાં અનાજ તથા હળચવડાં વગેરે ખેતીવાડીના ઓજારોની ભેટ કરવાનો ચાલ હતો. વરસમાં એકવાર એ દહાડે તેઓ એક બીજાની સાથે રોટીવેહેવાર કરતા હતા. એઓમાં બેટીવેહેવાર પણ એ નોરોઝને દહાડે થતો હતો. એ દહાડે ગરીબમાં ગરીબ પણ સખાવત કરતો હતો. આ દુન્યાની માયા મિથ્યા છે, એમ સમજી એ દહાડે તેઓ વસ્ત્રદાન કરતા. તેઓ કેહતા, કે એક ઝાડની ડાળી ઉપર એક પંખી રાત્રે બેસે છે, અને દિસે ઉડી જાય છે તે ડાળીના જેવી આ દુન્યા છે, માટે તવંગર અને ગરીબ એક માની લઇ સખાવત કરતા, કંજુસ માણસને નર્કવાસી ગણતા. આપણ જરથોસ્તીઓમાં તેવું ફરમાન કયાં નથી ? ઇજશ્ને હા ૧૮ માં આપણને પણ કહેલું છે કે, "અહમાદ મૈન્યેઉશ રારેશીયન્તી દરેગુઅંતો":–યાને જે માણસ છુપી સખાવત નહીં કરે તે દોજખી માણસ છે.

ઇરાનમાં જુના વખતથી તે આજ સુધી નવા વરસનો દિવસ કેવી રીતે પસાર કરવામાં આવે છે, તે જાંણવા જોગ છે. એ દિવસે જુદા જુદા પ્રાંતોના હાકમો, તેહેરાન ખાતે રેહેતા ઇરાનના શાહને મોટા મોટા નઝરાણા કરે છે. ખંડિયારાજાઓ પાબોશી કરવા આવે છે; તેઓ તાજને નમન કરી ખંડણી પેટે કાંઇપણ રકમ એ દિવસે શાહ હજુર રજુ કરે છે. અને પછી તરેહવાર જાતની "નવા સાલની રમતો"ના નામે જાણીતી રમતગમતો કરે છે. એમ ટેન્કોઇન નામનો તેહેરાન ખાતે ઇ૦ સ૦ ૧૮૦૮ માં રહી આવેલો મુસાફર તે રમતગમતોનું અચ્છુ ધ્યાન આપે છે. દેશની પ્રજા કસાયલી છે કે નહીં તેની પરિક્ષા થાય છે. કેટલાકો ૨૦ ફીટ ઉંચી લાકડીઓ ઉપર પગ બાંધી દોડતા આવી શાહને અરજ કરે છે કે, હમે બીજી પ્રજા કરતાં ઉંચે ચઢયા છેએ! બીજાઓ વળી કસરત કરતા કરતા ત્રાજવા જેવા સમતોલ આકાર પોતાના શરિરના રાખીને આવે છે, અને અરજ ગુજારી કરે છે કે, શેહેરમાં ન્યાય બરાબર છે કે નહીં, તેનું હમે તોલ કરી જાણ્યે છે! ત્રીજાઓ માથે મટોડીના હાલ્લાંની ચોર ગોઠવીને આવે છે, અને તેની નીચે ખુશબોદાર ફુલોની ઉઘણ રાખે છે. પછી સડકણી દોરી ઉપર નાચતો એક જણ આવીને કસરતી કળાથી પેલા હાલ્લાં ફોડી નાખે છે, અને માથા ઉપર માત્ર ફુલની ઉઘણ રહી જાય છે, તે દેખાવ એવું બતાવે છે કે, આદમીનું તન માટીનું બનેલું એજ પ્રમાણે ભાંગી જાય છે, અને તેના નામની સુગંધ તો ફુલની માફક રહી જાય છે! ત્યાર પછી નાચવાનું અને મેંઢાની મારામારી કરાવાનું સરૂ થાય છે. પછી ૮૦ ફુટ ઉંચાઇએ બાલથી ગુંહેલા દોરડાં ઉપર ૧૦ વરસની વયના ૨ બુચાઓ કસરત કરી અગાસી ઉપર બેહેલા શાહના ગળામાં ફુલનો હાર નાંખવાની કસરત બહુજ ધ્યાન પોંહોંચાડનારી કરે છે. એ નાચનારાઓને **જાનબાઝ** યાને જીવનો જોખમ કરનારી રમત કરનારાઓ, કરીને કહેવામાં આવે છે અને એ નામ ધિક્કારથી બોલવામાં આવે છે, કેમકે ધર્મની રૂએ એવી જીવલેણ રમતોની મનાઇ છે. પછી કુસ્તી ખેલવામાં આવે છે. એ હરીફો પોતાની બાહાદુરી એ દિવસે બતાવાનું મુલતવી રાખે છે, અને પછી કમકમાટ ઉપજાવે એવી રીતે મરાય છે. પછી એક મુલ્લાં અથવા કાઝીની તથા ખેડુતની તકરાર ચાલે છે. કાઝી કહે છે, કે આજ રોજે યાને નોરોઝને દિવસે મીનબાર*ના ૪ થાં પગથ્યાં ઉપર ઉભા રહી ખલીફા **અલી**એ ખુતબે† ભણી હતી, અને તેથી તમામ પ્રજાનું પાપ કપાયું હતું! ખેડુત કહે છે:—પાપી પોતાનું પાપ પોતેજ કાપી શકે, બીજાથી કપાય નહીં! કાઝી:—મીનબારના ૩ જાં પગથ્યાં ઉપરથી **ઉસમાન** તથા **ઉમર** ખલીફાએ ઉપદેશ કરવા પછી ગુજસ્તે સાલની તોબેશ પ્રજા તરફથી કરી હતી! ખેડુત:—તોબેશ પોતે પોતાની કરી શકે, પારકાની થાય નહીં! કાઝી:—મીનબારના ૨ જાં પગથ્યાં ઉપરથી અબુ બકરે વાઅઝ કરી લોકોનું તારણ કરવાની નિમાઝ કરી હતી! ખેડુત:—નિમાઝ જેણે તેણે પોતેજ કરવી જોઇએ, બીજાની કરેલી આપણને કામ લાગતી નથી! કાઝી:—પેગંબર સાહેબ મહમદે મીનબારને મથાળે ઉભા રહી ગુજરી ગયલાંઓના પાપો કાપવાને ખોદાતાલ્લાને અરજ કરી હતી! ખેડુત:—બરાબર છે, ત્યારે હું પણ ગુજરેલાંઓ માટે અલ્લાને માત્ર અરજ કરી શકું; તેઓના પાપનું પ્રાયશ્ચીત કરી શકું નહીં; કેમકે નેકી કે બદી કરવાને તેઓ પોતે મુખત્યાર હતાં, અને તેઓના પાપનો પસતાવો તેઓ કરી શકે!

આ પુરશેશો પાસુખની સમજણ આપણા અવસ્તાના ફરમાનને ઘણે ભાગે મળતી આવે છે. આપણાં લોકો નોરોઝના પાક દહાડાઓ ઉપર મોબેદ સાહેબો પાસે સંખ્યાબંધ પટેટ કરાવે છે, તે રૈવાજ બરહક છે, પણ તેથી એમ ધારવું નહીં, કે એ પારકો પસ્તાવો,

---

* મીનબાર-ઉપદેશ કરવાના આશન (Pulpit) ને મુસલમીનો એ નામથી ઓળખે છે.

† ખુતબે-સુકરવારના દિવસે કરવામાં આવતો ઉપદેશ.

રૂવાંનોથી થયલાં પાપો ધોઇ નાંખવા સારૂ છે. પરંતુ આપણા તરફના, અશોફરોહરો તરફના માન અને લાગણીને માટે તે પાપો ધોવાય એવી ખોદાતાલાને માત્ર અરજ ગુજારી કરવા કીજે છે. આપણો આત્મા તો એક આપખુદ પાદશાહ છે, અને ઇંદ્રિઓ તેના નોકર ચાકરો છે. આદમીના બદનમાં અહુ નામની જે શકિત છે, તે આત્મા પાદશાહનો ન્યાયાધીશ છે. ફલાંણું કામ સારૂં થયું કે માઠું થયું, અથવા જે થયું તે નીતિનું કે અનીતિનું, તે પારખવાની શકિત અહુ અથવા અખોમાં હોય છે, જેને Conscience કહે છે. બીજી શકિત દેનામ કરીને છે, જે આત્મ પાદશાહનો ધર્મગુરૂ છે, અને ધર્મ સંબંધી સૂચના તે કરે છે. ૩ જી શકિત બોદસ કરીને છે, જે હરેક પ્રકારની માહીતી ધરાવે છે, ગ્યાન મેળવે છે, અને તે હિંદુના બુદ્ધના દેવતા ને મળતી આવે છે. ૪ થી ફરોહર નામની શક્તિ છે. જે આત્મ પાદશાહનો વજીર છે. સર્વોત્તમ મદદગાર એ છે. એની કાળજીથી આપણું અંગ પોષાય છે, ખીલે છે, અને આત્મા પોતાની શાહાનશાહતના મોટાં કામો વિષે તેની સાથેજ વિચાર ચલાવે છે. ટુંકમાં રૂવાંન (આત્મા)ની સંભાલ તેજ લે છે. આખી કારકીર્દીમાં તે મોટો મદદગાર છે. ૫ મી શકિત ઉષતાન છે, જે શરિરમાં ઉષ્ણુતા યાને ગરમાં રાખી જીવણ શકિતને નિભાવે છે. ભાવાર્થ: સર્વ ઉપર ઉપરી રૂવાંન છે. તે આપખુદ-આપ અખતિયાર—અને આપ કરમી છે. અને આપ કરમી હોવાથી તે પોતાના કરમનો પોતેજ જવાબદાર છે. પાદશાહાનો ઉપરી ખોદા શિવાય બીજો કોણ હોય? માટે રૂવાંન પાદશાહ પોતાના તમામ કૃત્યોનો પોતેજ જોખમદાર છે. ઘણાંકોનો એક ખુદ્રતી સવાલ એવો હોય છે કે, ખોદાતાલાને જયારે નઠારાં કાંમો પસંદ નથી, ત્યારે તે સર્વ શકિતમાન છતાં, આદમીઓને હાથે તેવાં કૃત્યો શા સારૂ થવા દે છે? તે કામો તેજ સાહેબ કાં નહીં બંધ પાડે? ત્યારે જાણવું જોઇએ, કે દરેક ધરમ તો એક ગમથી એમ કહે છે, કે જેવું કરશો તેવું પામશો; તથા વળી કહે છે કે છેવટે ખોદાતાલાને તમારાં ભલાં અને ભુંડાં કામોનો હિશાબ મરણ વખતે આપવો પડશે. હવે જો સારાંજ કામો આદમીઓ પાસે કરાવાનું તે સાહેબ પોતાને હસ્તક રાખે, તો પછી હિશાબ શાંનો લે? જમા ખરચ એવી બે બાજુઓ હોય, તોજ હિશાબ લેવાનો રહે; બાકી સઘળું જમાજ થતું હોય, તો પછી ખરચનો હિશાબ કયાંથી લે? એટલા માટે તો તેણે રૂવાંનને મરજીનું છુટાપણું (Free Will) આપેલું છે. રૂવાંનને સારો માઠો બદલો મળવો, એ નશીબ ઉપર બીલકુલ આધાર રાખતું નથી. નશીબ દુન્યાં સંસારમાં હોય, પણ ધર્મ કે ખોદાઇ માર્ગમાં તેનો હાથ છેજ નહીં. કેમકે પુરતાં સાધનો સાથે રૂવાનને આ દુન્યામાં મોકલેલું છે. છતાં પણ કરીમે કારસાજની એક કરીમ બક્ષેસ આપણા ઉપર થયલી છે; તે એકે, આટલા સલાહકારો છતાં, આત્માથી આડે માર્ગે ચલાય, તો તેને માટે આદમી પોતાની તરફથી પોતેજ પટેટ કરી જીવતાં જીવત પસ્તાવો કરી શકે, અને તે નઠારા થઇ ગયલાં કામ માટે પ્રાયશ્ચિત અથવા તોજેશ કરવી જોઇએ, યાને થયલાં પાપનો બદલો સારા કામો કરીને વાળવો જોઇએ. દાખલા તરીકે, એક મોબેદનો છોકરો અવસ્તાનું પુસ્તક લઇને ભણુતો હોય, અને બીજો નઠારો છોકરો આવીને તેની ચોપડી ફાડી નાખી તેની બંદગીમાં ખલલ કરે, તો તેને છેવટ છુટકારો એવી રીતે મળી શકે, કે તુરત તેની પાસે માફી માંગી, ફરીથી એવું કામ નહીં કરવાને અંતઃકરણથી તે કબુલાત આપી પટેટ યાને પસ્તાવો કરે, અને ચોપડીની કિંમત ભરી આપવાનું પ્રાયશ્ચિત કરવું, જેને તોજેશ કહે છે. એ પ્રમાણે ત્યારે દરેક જરથોસ્તીની ફરજ છે કે, નોરોઝના હિંગાંમ ઉપર, આખા વરસમાં થયલાં પાપો માટે ઉપર મુજબ પટેટ કરી તોજેશ બજા લાવવી જોઇએ.

રોમન લોકોમાં નોરોઝનો દહાડો હશીખુશી, ભેટસોગાદ, અને અરસપરસ મુબારકબાદી દાચ્છવામાં ગુજારવામાં આવતો હતો. ખાસ કરીને ૧૬ મી સદીમાં તો મેહેલ કે ઝુપડીમાં

એકસરખી રીતે એ દાહાડો ખુશીમાં પસાર થતો. મરદો નાચરંગમાં વખત કાઢતા, ત્યારે નાહની છોકરીઓ મસાલેદાર દારૂ (Spiced ale)ના કટોરા અથવા જામ, જેને તેઓ Wassail ના નામથી ઓળખે છે, તે પોતાની પીછાણના પ્રત્યેક ઘેરેઘેર વેંહેંચતી જતી, અને ગામટી બનાવટની મુબારકબાદીરૂપી બેતબાજી તેણીઓ ગાતી હતી. "નવા વરસની સાંજે," "નાતાલની સાંજે," તથા "બારમી રાત્રે," એ દારૂની જામ વેંહેંચવાનો રવૈયો હજુ ઘણે ઠેકાણે ચાલે છે. પશ્ચિમ તરફના ઘણા ભાગોમાં છછ માણસોની કંપની થઇને, નવા વરસની સાંજે દીવા થયા પછી, ઘેરેઘેર જઇ તેઓ ગુપચુપ બારણાં ઉઘાડી કાન ફાડી નાંખે એવા આવાજે કાઢી જંગલી બનાવટની કવિતાઓ મુબારકબાદીને માટે બોલે છે; અને પછી અંદરનાઓને પોતાની ઉપર કાંઈ બક્ષેસ કરવાની અરજ કરે છે કે:—

> "These poor wassail boys, who
> Come travelling through the mire."

તે લોકોમાં ચાલ છે, કે જરૂર તેઓને માંસની, દારૂની, અથવા પૈસાની સખાવત કરવી જોઇએ. વાસી પાણી તેઓ ઢોળી નાંખે છે, વાસી પકવાન તેઓ નવાં વરસને દહાડે ખાતાં નથી, તેમ કોઇને ખવાડતાં નથી, પણ કુતરાંને ખવાડી દેવામાં સવાબ સમજે છે. ફકીરોને વટીક તેઓ નોરોઝને દહાડે વાસીકુસી નખવાડતાં, તાજો ખોરાક આપે છે. આપણા જરથોસ્તીઓમાં પણ રપીથ્વનના જશનને દહાડે વાસી પાણી ઢોલી નાંખે છે; અને ઘણે ભાગે ખાણું પણ તાજુંજ રાખે છે. કવિ બેનજોનશને પોતાના "Forest"માં સર રોબર્ટ રોથના હોલમાં નવા વરસને દહાડેની ગામટી મજાહનું બ્યાન આપતાં કહયું છે કે:—

> "The rout of rural folk came thronging in;
> Their rudeness then is thought no sin.
> The jolly wassail walks the often round,
> And in their cups their cares are drowned."

નોરોઝને દહાડે તેઓ, પાપ જેવું કશું જાણતાજ નથી, અને તેઓની સઘળી ફીકર ચીંતા એ દહાડે કવિના કહયા પ્રમાણે, ખરેખર દારૂના કટોરાની અંદરજ ડુબી ગયલી હોય છે! નોરોઝનો દહાડો તેઓ ખુશાળ ઘણાં રહે છે; એ દહાડે તેઓ કાંઇ ને કાંઈ સખાવત જરૂર કરે છે.

બૌદ્ધે પોતાનો ધર્મ પાલનારાઓને નવાં વરસને દહાડેથી તે મરણ સુધી કરેલો ઉપદેશ ઘણો ધ્યાંન આપવા જોગ છે. નોરોઝને દહાડે પોતાને પગે લાગવા આવનારાને તેણે આષિશ દીધા હતા કે:—"ઉમંગી થજો—વિચારવંત થજો—પવિત્ર થજો-તમારાં પોતાના હ્રદય ઉપર દ્રઢ નિઘા રાખજો-જે આદમી શાસ્ત્ર પ્રમાણે દ્રઢતાથી વર્તે છે, અને નીતિ પાળે છે, અને હિંમત હારતો નથી તે ભવસાગર તરશે, અને તેના સંતાપનો અંત આવશે." મરતી વખતે પણ તેણે એજ વેણો કહી આખા વરસ તે પ્રમાણે વર્તવા કહેલું હતું, અને નોરોઝની મુબારકબાદીમાં તે હંમેશા ઇચ્છતો કે:—"ઉદયોગથીજ તમારો મોક્ષ યાને મુક્તિ મેળવો."

નવા સાલના હિંગામમાં તેઓ બેજ વાતને વજન આપતા. સંસારી ગાંઠ મજબુત કરવાના ઉપાય એ દહાડે યોજવા; અને ધર્મની ઐકયતાનું એકીકરણ નોરોઝને દહાડે જરૂરજ કરવું; એ તેમના નવાં સાલના ઉપદેશ હતા.

ફ્લેચર નામનો લખનાર, નવરોજની ખુશાલી ભોગવનારાં ગામડયાઓ માટે "નીમક હલાલ ભરવાડી" નામની જોડણીમાં બહુ અસરકારક બ્યાન આપે છે.

" 'bout some lusty sport,
Or spiced wassail bowl, to which resort
All the young men and maids of many a cote,
While the trim minstrel strikes his merry note."

એનેજ મળતું વધારે સુંદર બયાન નવાં વરસના મહીમાને માટે મિલ્ટન કવિ કરી ગયો છે, પણ તે જણાવતાં લખાણ લંબાવાનો ભય છે. નોરોઝનો દહાડો સ્કોટલાંડના મુલુકમાં જેવી ઉલટથી પાલવામાં આવે છે, તેવી ઉલટથી આખી દુન્યામાં કેથે પણ પાલવામાં આવતો નથી, એમ એક લખનાર જણાવે છે. કાવત્રાં, કુકર્મો, કૃત્રીમ કૃત્યો, પાખંડી પ્રપંચો, સર્વ સર્વ પાપોને નિવારી દઇ બસ ખુશ ખુશાલી, રમતગમત, અમનચમન, અને ગાનતાનમાંજ ત્યાંના લોકો તે દહાડે ચકચુરને ચકભમ બની જાય છે. પેટમાં છુરીને બાહારથી સાધુનો પોશાક, એવા હેતુવાલો એક પણ સખશ એ દહાડે મળવો કઠણ છે. કટા શતરૂ વિશે પણ દરેકજણ અંતઃકરણથી સારૂં બોલે છે. જયાં જોઇએ ત્યાં દોસ્તીની શેકહેંડો, અને મિત્રતાની મુબારકબાદીનાજ દેખાવો નજરે પડે છે. ગંભીર અને રડતી સુરતના બરીએલો વટીક નોરોઝને દહાડે, નાખુશી કે બળાપો કરતા નથી. ગરમ મીજાઝનો શેઠ, અને હઠીલો નોકર, બંન્ને શીરોશકરની માફક પીગળી જાય છે. કોઇ કોઈને નાખુશ થવાનું કારણ આપતા નથી, અને બસ એટલુંજ ગાય છે કેઃ—

"Let mirth abound, let social cheer,
Invest the dawning of the year;
Let blithesome innocence appear,
To crown our joy;
Nor envy, with sarcastic sneer,
Our bliss destroy."

આહા! આ ઉમદા કવિની ઉમદા કવિતા દરેક જરથોસ્તીએ બંદગીની માફક નવરોઝને દહાડે ગાયા કરવી જોઇએ છે; તથા તેમાં જણાવ્યા મુજબ વર્તવું જોઇએ છે. એમાં શું કહે છે? કે બસ જયાં ત્યાં ખુશાલી અને શાદી રામશણીને ફેલાવા દો! અરસપરસની સંસારી સુખી મજાઓથી નવા વરસનું પરોઢયું પડવા દો! નિર્દોષપણું આપણી ખુશાલીને માથે બીરાજવા દો! અદેખાઇ અને શતરૂવટનો, ધિક્કારથી આપણા આનંદ ઉત્સાહની મારફતે નાશ કરો! વાહ! આ કેવાં સુંદર વેણો! માટે રે જરથોસ્તી ભાઇઓ! નોરોઝને દહાડે ખોદાની બંદગી કરો, નોરોજને દહાડે પાપનો પસ્તાવો કરો, અને નોરોઝને દહાડે ખુશાલ રહો! " યસ્ચા વાઓ મસ્યઝએતે દ્રુજસ્ચા પઇરીમતો યસ્ચા "—દેવદરૂજોને પુંજશો, તો તમો ખુહાર થઇ જશો, એમ તમારો ઇજશ્નેનો ૩૨ મો હા બોલે છે. આત્માનું પુંજન એ દહાડે કરો! તેનાથીજ ઇશ્વર મળશે. શ્રુતિમાં કહેલું છે કેઃ—

" यच्चक्षुषा न पश्यति येन चक्षुंषि पश्यति ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिद मुपासते ॥ "

અર્થઃ—જે ખોદાતાલાને આપણ આદમીઓ ઇંદ્રિઓની આંખથી જોઈ શકતા નથી, તેમજ અંતઃકરણની આંખથી પણ જે દેખાતો નથી; પણ અંતઃકરણથી તે પોતે જુદો છે, અને આપણી અંતર્યામિ ચૈતન્ય શકિતથી તે દેખાય છે, તે ખોદાતાલા છે; તે આપણામાં નહીં દેખી શકાય એવી રીતે હમેશાં રહીને આપણને હાલચાલ કરાવે છે, એ હલાવનારૂં સંવિત તે આપણો આત્મા છે, માટે આત્મા શુધ્ધ થાય એવાં કરમો કરો!

મુસલમાન લોકો નવા વરસને દહાડે કોઇને વટલાવામાં મોટું સવાબ સમજે છે, જુદ-દીન અને કોઇને પોતાની દીનમાં વટલાવતાં એ દહાડે જો મરી જાય તો, બેહેસ્તમાં જવાનું માને છે; ખ્રીસ્ટી મીશનરીઓ New year's dayના રોજે પારકા ધર્મવાલાઓને પોતાના ધર્મમાં વટલાવામાં મોટું પુણ્ય સમજે છે; પણ રે જરથોસ્તી ! તું ભલે જો બીજાને વટલાવી નહીં શકે, પણ તું તારા ધર્મને તજીશ નહીં ! નવાં વરસને દહાડેજ નહીં, પણ બીજે આડે દહાડેબી વટલવાનો બોલ પણ કાઢીશ નહીં. તારા બાપીકા ધર્મ તરફ નાફરમાન થઇશ, તો નહીં ઘેરનો કે નહીં ઘાટનો થઇ પડશે. તારોજ ધર્મ તું ઉત્તમ માન જે ! તારોજ પવીત્ર પેગંબર જરથોસ્ત દરેક વીદ્યાનો જાંણનાર હતો ! તેજ બહુ ગ્નાની હતો ! અને તેને માટે આજ લગી નહીં જણાયલું એકમત, જે હીંદુસ્તાનના માજી વાઈસરાય લાર્ડ લીટને પોતાને બનાવેલી ચોપડીમાં આપેલું છે, તે તું ગોખી ગોખીને, ચાવી ચાવીને, આંખ ચોળી ચોળીને વાંચઃ—

"It dwelt amidst the wonders of the loftier creation; it sought to analyse the formation of matter–the essentials of the prevailing soul; to read the mysteries of the starry orbs; to dive into those depths of Nature in which Zoroaster is said by the schoolmen, first to have discovered the arts which your ignorance classes under the name af magic."

(જુઓ, રાઇટ ઓનરેબલ લાર્ડ લીટનની બનાવેલી Zanoni નામની કેતાબને પાને ૩૯૨ ઉપર આવાં ઉમદા મત ધરાવનાર પેગંબરનો ઉમદા ધરમ તમો ઉસ્તવારીથી પાળજો, અને નવાં વરસને દહાડે તો જરૂરજ તે ઉપર વીશ્વાશથી એતેકાદ વધારજો. પારકા ધર્મમાં વટલવાનો ગુન્હા મા કરશો ! તમોને અવસ્તાની પણ મનાઇ દુહાઇ છે કેઃ—

"યો નરેમ અશઓનેમ અન્યો વરેનાએ વા અનીઓ દકએશાએ વા કસીઅંધહે સંઘહ દદાએતે.........અંધહદ હચ શ્યોથ્ના .વરેજ અથ બઉઅએતે પેશોતનુઅ.'

યાનેકેઃ—"જે કોઈ ભલી દીનનો મરદ થઇને બીજી દીનની ખાહેશ અને હુકમ કબુલ રાખે, અને પોતાની દીનને હલકા શખુન બોલે, તો તે તનફુરગાંન ગુન્હેગાર થાએ છે.

આ રેસાલો લંબાવ્યે એટલો લંબાય, પણ હવે છેવટે •મુંજ હકીર ફકીરની એટલીજ એલતેમાસ છે, કે આપણા પાક ધર્મની બનતી જાલવણી કરી, ખોદાની બંદગી કરી, પાપનો પસ્તાવો કરી, આત્માનો ઉદ્ધાર કરી, અશો નેઆંગાંનો વિષે માન રાખી તેઓને યકીનથી આરાધી, આ નોરોઝનો હિંગામ અને નૌશાલનો ઐયાંમ, સુખ, તંદોરસ્તી, ખુશી ખુશાલી, અને એકદિલીથી પસાર કરવો આપણને લાજમ છે. છેવટે એક શાયરના શબ્દોમાં શેવક કમતરીન ખાકસાર તરફની દોઆ, આખા જરથોસ્તી ફીરકાને ઇચ્છું છું કેઃ—

હમે શાલ બખ્તે તો ફીરોઝબાદ,
હમે રોઝગારો તો નૌરોઝ બાદ.

ઓ પારશી ટોળા ! તારૂં બખ્ત સઘલાં વર્ષ ફતેહમંદ થાવ ! અને તારો તમામ જમાનો નોરોઝના જેવો થાવ ! આંમીન ! આંમીન ! ! આંમીન ! ! !